*ચુકાદો*

| | |
|---|---|
| **આંક** | |
| **દાખલ તારીખ** | ૨૩/૦૪/૨૦૨૫ |
| **રજીસ્ટર તારીખ** | ૨૩/૦૪/૨૦૨૫ |
| **નિકાલ તારીખ** | ૧૮/૦૩/૨૦૨૬ |
| **સમયગાળો** | **વર્ષ: માસ: દિવસ** |
| | ૦૦: ૧૦: ૨૩ |

---

**નખત્રાણાના મહે. અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ. નખત્રાણા.**

---

**(નમૂનો-અ)**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | **૧૮/૦૩/૨૦૨૬** |
| ફોજદારી કેસ નંબર | **૫૪૭/૨૦૨૫** |
| પોલીસ સ્ટેશન / એફ.આઈ.આર. | **નખત્રાણા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૧૧૨૦૫૦૩૫૨૪૧૧૨૩/૨૦૨૪** |
| ગુન્હો | **ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪** |

| | |
|---|---|
| ફરિયાદી | **ગુજરાત સરકાર શ્રી** |
| વિધ્વાન એ.પી.પી.શ્રી | **એન.જે.પુજારા** |
| આરોપી | **(૧) જુવાનસિંહ હઠુભા જાડેજા**<br>ઉ.વ.૪૦, ધંધો-મજુરી,<br>**(૨) રતનજી દેસરજી જાડેજા**<br>ઉ.વ.૫૦, ધંધો-મજુરી,<br>રહે.બંન્ને- વડવા(કાયા),<br>તા.નખત્રાણા-કચ્છ. |

*ચુકાદો*

| | |
|---|---|
| આરોપીના વિ. વકીલશ્રી | **વી.આર.ગઢવી** |

**(નમૂનો–બ)**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | **૦૨/૧૨/૨૦૨૪** |
| ફરિયાદની તારીખ | **૦૨/૧૨/૨૦૨૪** |
| ચાર્જશીટની તારીખ | **૦૧/૦૩/૨૦૨૫** |
| ચાર્જફ્રેમ/પ્લીની તારીખ | **૦૬/૦૮/૨૦૨૫** |
| પુરાવો શરૂ થયાની તારીખ | **૧૫/૦૯/૨૦૨૫** |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | **૧૧/૦૩/૨૦૨૬** |
| ચુકાદાની તારીખ | **૧૮/૦૩/૨૦૨૬** |
| સજાનો હુકમ સાંભળ્યાની તારીખ, જો હોય તો | |

**–:: આરોપીની વિગત ::–**

| ક્રમ | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુન્હાની વિગતો | શું આરોપી નિર્દોષ કે સજા થયેલ તેની વિગત | સજાની વિગતો | ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજાના દિવસો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | જુવાનસિંહ હનુભા જાડેજા | ૦૩/૧૨/૨૦૨૪ | ૦૩/૧૨/૨૦૨૪ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |
| ૨ | રતનજી દેસરજી જાડેજા | ૦૩/૧૨/૨૦૨૪ | ૦૩/૧૨/૨૦૨૪ | ઉપર મુજબ | નિર્દોષ | – | – |

**(નમૂનો–ક)**

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે તપાસવામાં આવેલ સાહેદોનું લીસ્ટ

(એ) ફરિયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદો :

| ક્રમ | આંક | સાહેદનું નામ | સાહેદનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૯ | મહેન્દ્રભાઈ શીવગણ પટેલ | ફરિયાદી |
| ૨ | ૧૧ | દિનેશભાઈ શીવગણ પટેલ | સાહેદ |
| ૩ | ૧૩ | પ્રકાશભાઈ જયંતીભાઈ વાસાણી | સાહેદ |

ફરિયાદપક્ષે/ બચાવપક્ષે/ કોર્ટપક્ષે આંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :–

(એ) ફરિયાદપક્ષે આંકે પાડવામાં આવેલા દસ્તાવેજો :

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૧૦ | અસલ ફરિયાદ |
| ૨ | ૧૪ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૫ | સારવાર સર્ટીફીકેટ |

**–:: ચૂકાદો ::–**

**(૧)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ આ કામના ફરિયાદીએ મામલતદાર કચેરીમાં અગાઉ કરેલ વાડીના રસ્તા બાબતેની અરજીનું મનદુ:ખ રાખી ફરિયાદીને આરોપી નં.(૧) વાળાએ હાથ વડે માથાના ભાગે ધકબુશટનો માર મારી ઈજાઓ કરી અને મન ફાવે તેમ ગાળા ગાળી કરી તેમજ આરોપી નં. (૨) વાળાએ ફરિયાદીના આંગણા પાસે જઈ માં–બેન સમી ભુંડી ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોઈ નખત્રાણા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૫૦૩૫૨૪૧૧૨૩/૨૦૨૪ બી.એન.એસ.ની કલમ– ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) ચાર્જશીટ રજૂ થયા બાદ આરોપીને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતા બી.એન.એસ.એસ.કલમ–૨૩૦ મુજબ પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કર્યા બાદ આરોપીઓ વિરૂદ્ધ આંક–૩ થી તહોમતનામું ફરમાવી, તે તહોમતનામાની વિગતો વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીઓ વિરૂદ્ધ ઉપરોક્ત ગુન્હા સબંધે નિવેદન/પ્લી આંક–૪, ૫ થી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે અને કેસ આગળ ચલાવવા માંગણી કરેલ છે. જેથી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ઉપરોકત પુરાવા સિવાય ફરિયાદપક્ષે વધુ કોઈપણ જાતનો પુરાવો રજૂ કરેલ નથી અને આ કામે ફરિયાદપક્ષે આંક–૧૬ ની પુરશીશથી પોતાનો પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે. ત્યાર બાદ આરોપીઓ સામે પડેલ પુરાવા પરથી આરોપીઓનું બી.એન.એસ.એસ. કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન લેવામાં નથી.

ત્યાર બાદ આ કામે સરકાર તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાની ચર્ચા સાથે સાંકળી લીધેલ છે.

(૪) સદરહુ કેસના ન્યાયિક નિર્ણય અને નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દાઓ :– (૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવું સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ આ કામના ફરિયાદીએ મામલતદાર કચેરીમાં અગાઉ કરેલ વાડીના રસ્તા બાબતેની અરજીનું મનદુ:ખ રાખી ફરિયાદીને આરોપી નં.(૧) વાળાએ હાથ વડે માથાના ભાગે ધકબુશટનો માર મારી

ઈજાઓ કરી અને મન ફાવે તેમ ગાળા ગાળી કરી તેમજ આરોપી નં. (૨) વાળાએ ફરિયાદીના આંગણા પાસે જઈ માં-બેન સમી ભુંડી ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી બી.એન.એસ.ની કલમ- ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોક્ત મુદ્દાઓ અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

**મુદ્દા નં. (૧) નકારમાં.**

**મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.**

## -:: નિર્ણય માટેના કારણો ::-

(૬) આ કામે ફરિયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો પુરવાર કરવા માટે આંક-૯થી ફરિયાદી સાહેદ : મહેન્દ્રભાઈ શીવગણ પટેલને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગત તા.૦૨/૧૨/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨-૦૦ વાગ્યાના અરસામાં તેઓ તેમની મોટરસાયકલ રજી. નં. જી.જે.-૧૨-એ.પી.-૩૬૪૪ લઈને નીકળેલા ત્યારે રતનજી જાડેજા તેમની હોન્ડા પાછળ બેઠેલા અને તેઓને આગળ રોડ ઉપર ઉતારેલ ત્યારે રતનજીનો કુટુંબીક ભાઈ જુવાનસિંહ તેઓને મળેલા અને મામલતદારમાં વાડીના રસ્તા બાબતે કેમ અરજી આપેલ છે તેમ કહીને તેઓની સાથે બોલાચાલી કરેલ અને તે સમયે તેઓ પડી ગયેલ હોય તેની સારવાર ગઢશીશા સરકારી હોસ્પિટલમાં લીધેલી અને ત્યાર બાદ તેઓ, દિનેશ, પ્રકાશ ઘરે હાજર હતા ત્યારે રતનજી તેઓના આંગણામાં આવેલા અને મામલતદારમાં રસ્તા બાબતે કેમ અરજી કરેલ છે તેમ કહીને તેમની સાથે બોલાચાલી કરેલી. તે સિવાય બનાવમાં બીજું કાંઈ બનેલ નથી. બનાવ

સબંધે તેઓએ ફરિયાદ આપેલી જે ફરિયાદ આંક–૧૦ થી રજૂ છે. વધુમાં ફરિયાદી સાહેદ કહે છે કે, તેઓનું આરોપીઓ સાથે બનાવ બાદ સમાધાન થઈ ગયેલ છે અને તેમની સાથે કોઈ મનદુ:ખ ન હોઈ તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી.

ફરિયાદી સાહેદ તેમની ઉલટતપાસમાં એવું સ્વીકારેલ છે કે, તેઓને આરોપીઓએ કોઈ માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળો આપેલ નથી.

(૭) આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ : દિનેશભાઈ શીવગણ વાસાણીને આંક–૧૧ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાવે છે કે, ગત તા.૦૨/૧૨/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨–૦૦ વાગ્યાના અરસામાં તેમનો ભાઈ મહેન્દ્રભાઈ તેની મોટરસાયકલ રજી.નં. જી.જે.–૧૨–એ.પી.–૩૬૪૪ લઈને નીકળેલો ત્યારે રતનજી જાડેજા તેની હોન્ડા પાછળ બેઠેલા અને તેઓએ તેને આગળ રોડ ઉપર ઉતારેલ ત્યારે રતનજીનો કુટુંબીક ભાઈ જુવાનસિંહ તેને મળેલો અને મામલતદારમાં વાડીના રસ્તા બાબતે કેમ અરજી આપેલ છે તેમ કહીને મહેન્દ્ર સાથે બોલાચાલી કરેલ અને તે સમયે તે પડી ગયેલ હોય તેની સારવાર ગઢશીશા સરકારી હોસ્પિટલમાં લીધેલી અને ત્યાર બાદ સાહેદ તથા મહેન્દ્ર, પ્રકાશ ઘરે હતા ત્યારે રતનજી તેઓના આંગણામાં આવેલા અને મામલતદારમાં રસ્તા બાબતે કેમ અરજી કરે છે તેમ કહીને મહેન્દ્ર સાથે બોલચાલી કરેલી. તે સિવાય બનાવમાં બીજું કાંઈ બનેલ નથી. બનાવ સબંધે મહેન્દ્રએ ફરિયાદ આપેલી. વધુમાં સાહેદ જણાવે છે કે બનાવ બાદ સમાધાન થઈ ગયેલ હોઈ આરોપી સાથે કોઈ મનદુ:ખ નથી અને તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી.

*ચુકાદો*

સાહેદ તેમની ઉલટતપાસમાં એવું સ્વીકારેલ છે કે, આરોપીઓએ મહેન્દ્રભાઈને કોઈ માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળો આપેલ નથી.

(૮) આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ : પ્રકાશભાઈ જયંતીભાઈ વાસાણીને આંક–૧૩ થી તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગત તા.૦૨/૧૨/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨–૦૦ વાગ્યાના અરસામાં તેમના કાકા મહેન્દ્રભાઈ તેની મોટરસાયકલ રજી.નં. જી.જે.–૧૨–એ.પી.–૩૬૪૪ લઈને નીકળેલા ત્યારે રતનજી જાડેજા તેની હોન્ડા પાછળ બેઠેલા અને તેઓએ તેને આગળ રોડ ઉપર ઉતારેલ ત્યારે રતનજીનો કુટુંબીક ભાઈ જુવાનસિંહ તેને મળેલો અને મામલતદારમાં વાડીના રસ્તા બાબતે કેમ અરજી આપેલ છે તેમ કહીને મહેન્દ્ર સાથે બોલાચાલી કરેલ અને તે સમયે તે પડી ગયેલ હોય તેની સારવાર ગઢશીશા સરકારી હોસ્પિટલમાં લીધેલી અને ત્યાર બાદ સાહેદ, મહેન્દ્ર, દિનેશ ઘરે હતા ત્યારે રતનજી તેઓના આંગણામાં આવેલા અને મામલતદારમાં રસ્તા બાબતે કેમ અરજી કરે છે તેમ કહીને મહેન્દ્ર સાથે બોલચાલી કરેલી. તે સિવાય બનાવમાં બીજું કાંઈ બનેલ નથી. બનાવ સબંધે મહેન્દ્રભાઈએ ફરિયાદ આપેલી. વધુમાં સાહેદ જણાવે છે કે બનાવ બાદ સમાધાન થઈ ગયેલ હોઈ આરોપી સાથે કોઈ મનદુ:ખ નથી અને તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી અને સાહેદ તેમની ઉલટતપાસમાં એવું સ્વીકારેલ છે કે, આરોપીઓએ મહેન્દ્રભાઈને કોઈ માર મારેલ નથી કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ગાળો આપેલ નથી.

(૯) આમ રેકર્ડ ઉપર રજૂ પુરાવાનું અવલોકન કરવામાં આવે તો ફરિયાદી તથા સાહેદોની જુબાની પરથી આરોપીઓએ ફરિયાદીને માર મારેલ હોય, જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય કે ગાળો આપેલ હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને ફરિયાદી તથા સાહેદોએ સામાન્ય

બોલાચાલી થયેલ હોવાનું જણાવેલ છે અને એ સિવાય બીજું કાંઇ બનેલ નથી. તે સંજોગોમાં આક્ષેપાયેલ ગુન્હા અંગેની કોઈ હકીકત ફલીત થતી ન હોય આંક–૧૦ ની ફરિયાદની હકીકતો નિ:શંકપણે સાબીત થતી ન હોય તેનું પુરાવાકીય મૂલ્ય રહેતું નથી અને ફક્ત તેના ઉપર આધાર રાખી શકાય નહીં.

**(૧૦)** ફરિયાદી તથા સાહેદોની સોગંદ ઉપરની જુબાનીઓમાં વિરોધાભાસી હકીકત જણાઈ આવે છે જેથી જુબાની વિશ્વસનીય જણાતી નથી અને આક્ષેપાયેલ ગુન્હાના કોઈ તત્વો પરિપૂર્ણ થતા ન હોય કે આવી શંકાનું નિરાકરણ કરતો સચોટ, સ્પષ્ટ, પુરતો અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત અનુસાર આવી શંકાનો લાભ આરોપીઓને આપવો જોઈએ. તેથી આરોપીઓ ઉપર મુકવામાં આવેલ આરોપ બદલના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર થયેલ ન હોય આરોપીઓ ઉપર મુકાયેલ આરોપ સાબીત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે આ કામના આરોપીઓ **(૧) જુવાનસિંહ હઠુભા જાડેજા** ઉ.વ.૪૦, ધંધો–મજુરી, **(૨) રતનજી દેસરજી જાડેજા** ઉ.વ.૫૦, ધંધો–મજુરી, રહે. બંન્ને–વડવા(કાયા), તા.નખત્રાણા–કચ્છવાળાને બી.એન.એસ.ની કલમ –૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી વિશ્વસનીય પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ ની જોગવાઈ ધ્યાને લેતા જામીન તથા જામીનખત અપીલ સમય પૂર્ણ થાય ત્યાં સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

*ચુકાદો*

આ હુકમ આજરોજ તારીખ ૧૮, માહે : માર્ચ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ: ૧૮/૦૩/૨૦૨૬**

**નખત્રાણા–કચ્છ.**

**(રઘુવિરસિંહ અનીરૂદ્ધસિંહ ઝાલા)**
**અધિક ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ**
**નખત્રાણા–કચ્છ.**
(GJ00938)